# દિલ્હી ગેંગ રેપના ચાર દોષિતોને અંતે મૃત્યુદંડ

નવી દિલ્હી, તા.૧૩

ગયા વર્ષે ૧૬મી ડિસેમ્બરના દિવસે ચાલતી બસમાં પેરામેડિકલની વિદ્યાર્થિની પર અમાનવીયરીતે બળાત્કાર ગુજારવામાં આવ્યો હતો. ચાલતી બસમાં છ શખ્સોએ તેના પર બળાત્કાર ગુજાર્યો હતો. હેવાનિયતની તમામ હદ પાર કરી દેવાર ચાર શખ્સોની આજે ફાંસીની સજા ફટકારવામાં આવી હતી. સાકેતની ફાસ્ટ ટ્રેક કોર્ટે ચારેય શખ્સો, વિનય શર્મા, પવનકુમાર ઉર્ફે કાલુ, અક્ષયકુમાર સિંહ અને મુકેશને ફાસીની સજા ફટકારી હતી. આ કેસમાં રેરેસ્ટ ઓફ રેરના વર્ગમાં મુકીને તમામને ફાંસીની સજા ફટકારવામાં આવી હતી. જજે ચુકાદો આપતા કહ્યુ હતુકે આ એક એવો અપરાધ હતો કે જેના કારણે સમગ્ર સમાજ હચમચી ઉઠ્યુ છે. ફાસ્ટ ટ્રેક કોર્ટના એડિશનલ સેશન્સ જજ યોગેશ ખન્નાએ બપોરે અઢી વાગ્યે આ સજાની જાહેરાત કરતા કહ્યુ હતુ કે નિઃસહાય યુવતિની સાથે જગન્ય કૃત્ય કરવામાં આવ્યુ હતુ. યુવતિ પાસે બચવાનો કોઈ વિકલ્પ ન હતો. જજે ઉમેર્યુ હતુકે



ક્રૂરતાની તમામ હદ તોડી પાડવામાં આવી હતી. આ પ્રકારના અપરાધમાં મૃત્યુદંડથી ઓછી સજા થઈ શકે નહીં. ત્યાર પછી એક એક કરીનો સજા સંભળાવવામાં આવી હતી. બચાવ પક્ષના વકીલે ચુકાદા બાદ કહ્યુ હતુ કે સરકારના ઈશારે આ ચુકાદો આપવામાં આવ્યો છે. તથ્યોને ધ્યાનમાં લીધા વિના રાજકીય દબાણ હેઠળ આ ચુકાદો આવ્યો છે. તેમણે ઉમેર્યુ હતુ કે તેમની પાસે અપીલ કરવા માટે બે-ત્રણ મહિનાનો સમય છે. જો આ બે- ત્રણ મહિનામાં કોઈની સાથએ બળાત્કાર થતો નથી તો

### ફાંસીની સજા બાદ ચાર અપરાધી કોર્ટમાં રડ્યા

નવી દિલ્હી,તા. ૧૩

દિલ્હી ગેંગ રેપ કેસમાં ચાર દોષિતોને આજે ફાંસીની સજા સંભળાવવામાં આવ્યા બાદ ચારેય શખ્સો રડી પડ્યા હતા બીજી બાજુ કોર્ટ રૂમમાં ઉપસ્થિત ભોગ બનેલી યુવતિના પરિવાર જનોના ચહેરા પર ખુશીનું મોજુ ફરી વળ્યુ હતુ અને ભાવનાશીલ બની ગયા હતા. આજે બપોરે સવા બે વાગ્યાની આસપાસ ચારેય શખ્સો મુકેશ, વિનય શર્મા, પવનગુપ્તા અને અક્ષય ઠાકુરને મૃત્યુદંડની સજા ફટકારવામાં આવી હતી. બચાવ પક્ષના વકીલે આ ચુકાદાનો જોરદાર વિરોધ કર્યો હતો. પોતાની પુત્રીને ન્યાય મળ્યો હોવાથી સંતોષનો ભાવ માતાપિતાના ચહેરા પર દેખાયો હતો. પોતાના વકીલનો આભાર પણ માન્યો હતો. યુવતિના પિતાએ કહ્યુ હતુકે આજે તેમની સાથે ન્યાય થયો છે.

આગળ અપીલ કરશે નહીં. અત્રે ઉલ્લેખનીય છે કે ૧૦મી સપ્ટેમ્બરના દિવસે કોર્ટે પોતાનો ચુકાદો સંભળાવીને મુકેશ, વિનય શર્મા, પવન ગુપ્તા અને અક્ષય ઠાકુરનો હત્યા અને ગેંગ રેપ સહિત આઈપીસીની ૧૧ કલમો હેઠળ જ દોષિત ઠેરવ્યા હતા. ગેંગ રેપનો શિકાર યુવિતના માતા-પિતાએ અપરાધીઓને પહેલાથી જ મૃત્યુદંડની સજાની માંગ કરી હતી. બીજી બાજુ અપરાધીઓની માતાએ માફી આપવાની વાત કરી હતી. આ કેસમાં સામેલ રહેલા તમામ આરોપીઓ સામે દેશભરના લોકોએ નારાજગી વ્યક્ત કરીને મૃત્યુદંડની માંગણી કરી હતી જેથી તમામની નજર ફાસ્ટ ટ્રેકના કોર્ટ પર કેન્દ્રિત થઇ ગઇ હતી. ગયા વર્ષે ડિસેમ્બરમાં દિલ્હીમાં ચાલતી બસમાં પેરામેડીકલની વિદ્યાર્થીની ઉપર અમાનવીય રીતે ગેંગરેપ કરવામાં આવ્યોહતો. ફેબ્રુઆરી મહીનામાં પાટનગરમાં ફાસ્ટટ્રેક કોર્ટમાં




ટ્રાયલ શરૂ થઈ હતી. પ્રોસીક્યુશને શકમંદો સામે તમામ પુરાવાઓ રજુ કર્યા હતા. જેમાં ડીએનએ, સાક્ષીઓના નિવેદન, ભોગ બનેલી યુવતીના મૃત્યુના નિવેદનનો સમાવેશ થાય છે. આ બનાવથી સમગ્ર દેશ હચમચી ઉઠ્યો હતો અને લોકોમાં નારાજગીનું મોજું ફરી વળ્યુ હતુ. આ બનાવ બાદ કાયદાઓમાં સુધારા કરવાની માંગ પણ થઈ હતી. કારણકે, એક શખ્સ સગીર હોવાની બાબત પણ ખુલી હતી. આ કેસમાં પ્રથમ ચુકાદો આવી ચુક્યો છે. જેમાં જુવેનાઈલ કોર્ટે ૧૭ વર્ષના ટીનેજરને અપરાધી ઠેલવીને અટકાયતી સેન્ટરમાં ત્રણ વર્ષ રાખવાની સજા ફટકારી હતી. આ શખ્સો સામે હત્યા, ગેંગરેપ અને ચોરીનો આક્ષેપ હતો. ૨૩ વર્ષીય વિદ્યાર્થીની ઉપર ખૂબ જ નિર્દય રીતે અત્યાચાર કરાયો હતો. શખ્સો પૈકીના ચાર મોટાભાગે દિલ્હીની છે. જ્યારે પાંચમો શખ્સ બસ ડ્રાઈવર હતો જે જેલમાં આત્મહત્યા કરી ચુક્યો છે.

## અનિલ અંબાણી ઈન્કમટેક્સ એકાઉન્ટ હેક કરાતા ચકચાર

મુંબઈ,તા. ૧૩

હૈદરાબાદની એક યુવા ચાર્ટડ એકાઉન્ટન્ટ(સીએ)ની વિદ્યાર્થિનીએ અનિલ અંબાણીના ઈન્કમટેક્સ રિટર્ન સાથે સંકળાયેલા ઓનલાઈન એકાઉન્ટને હેક કરી દેતા ભારે ભાગદોડ મચી ગઈ હતી. આરોપી યુવતિએ અંબાણીની ઈન્કમ અને તેમના દ્વારા ચુકવવામાં આવેલા ટેક્સની માહિતી એકત્રિત કરવા માટે એકાઉન્ટ હેક કરવામાં સફળતા મેળવી હતી. આ યુવતિ હૈદરાબાદમાં મનોજ ડાગા એન્ડ કંપનીમાં સીએમાં અભ્યાસ કરી રહી છે. તેની સામે સાતમી સપ્ટેમ્બરના દિવસે આઈટી



એક્ટની જુદી જુદી કલમ હેઠળ કેસ દાખલ કરવામાં આવ્યો હતો. આ મામલામાં તેમની ધરપકડ પણ થઈ શકે છે. તપાસ સાથે સંકળાયેલા એક અધિકારીએ માહિતી આપતા કહ્યુ હતુ કે યુવતિએ અંબાણીના રિટર્ન એકાઉન્ટની ઈ ફાઈલને હેક કરી લેવામાં સફળતા મેળવી હતી. અનિલ અંબાણીની આવક અને તેમના દ્વારા ચૂકવવામાં આવેલા ટેક્સ અંગેની માહિતી મેળવવાના પ્રયાસ કરાયો હતો. અનિલ ધીરુભાઈ અંબાણી ગ્રુપના ચેરમેનના ખાતાને હેક કરી લેવામાં આવ્યા બાદ તેમની આવક, ચૂકવવામાં આવેલા ટેક્સ, પેનકાર્ડ નંબરની માહિતી હાંસલ કરી લીધી હતી. તેટલામાં ઓછુ હોય તેમ આ યુવતિએ આવકવેરા વિભાગની વેબસાઈટ પર ઈ ખાતના પાસવર્ડ પણ બે વખત બદલી નાંખ્યા હતા. પોલીસના જણાવ્યા મુજબ અંબાણીના પર્સનલ ટેક્સની વિગતો દાખલ કરનાર મુંબઈની ચાર્ટડ એકાઉન્ટટને આવકવેરા વિભાગ પાસેથી ૨૬મી જૂનના દિવસે ઈમેઈલ મળ્યો હતો જેમાં જણાવાયુ હતુ કે અંબાણીના ઈ રિટર્ન ખાતાના પાસવર્ડ બદલી લેવામાં આવ્યા છે. ત્યાર બાદ ૧૨મી જુલાઈના દિવસે પણ પાસવર્ડ બદલી લેવામાં આવ્યા હતા.

## વિકાસદર અંદાજ હવે ઘટાડી ૫.૩ ટકા કરાયો

વડાપ્રધાનના ચાવીરૂપ આર્થિક સલાહકાર સી રંગરાજને આજે વર્તમાન નાણાંકીય વર્ષ માટે વિકાસદરની આગાહીને ૬.૪ ટકાથી ઘટાડીને ૫.૩ ટકા કરી દીધી હતી. અગાઉ વિકાસદરનો અંદાજ ૬.૪ આંકવામાં આવ્યો હતો પરંતુ જુદા જુદા પરિબળોને ધ્યાનમાં લઈને રંગરાજને આ અંદાજ ઘટાડી દીધોછે. આર્થિક સ્થિતિને સુધારવા એફડીઆઈના ધારાધોરણને વધુ ઉદાર બનાવવા સહિત શ્રેણીબદ્ધ પગલાની યાદી તૈયાર કરી દેવામાં આવી છે. વર્ષ ૨૦૧૩-૧૪ માટે ઈકોનોમિક આઉટલુક જારી કરતી વેળા વડાપ્રધાન આર્થિક સલાહકાર પરિષદના ચેરમેન રંગરાજને કહ્યુ હતુ કે અર્થતંત્ર ૨૦૧૩-૧૪ના ૫.૩ ટકાના દરે આગળ વધશે. તેમણે એમ પણ કહ્યુ હતુ કે અગાઉના અંદાજમાં ઘટાડો કરવામાં આવ્યો છે. વિકાસને પ્રોત્સાહન આપવાના હેતુસર રંગરાજને સૂચન કર્યુ છે કે સરકારે એફડીઆઈ મૂડીરોકાણના નિયમો વધુ સરળ બનાવવા જોઈએ.

## મુજફ્ફરનગરથી ૫૦૦થી વધુ પરિવારને હિજરત કરવા ફરજ

લખનૌ,તા. ૧૩

ઉત્તર પ્રદેશના મુજફ્ફરનગરમાં તાજેતરમાં જ ભડકેલી સાંપ્રદાયિક હિંસાના કારણે સૈકડો પરિવારો અસરગ્રસ્ત વિસ્તારોમાંથી દહેશતના પરિણામ સ્વરૂપે હિજરત કરી ચૂક્યા છે અને દિલ્હી અને આસપાસના વિસ્તારોમાં શરણ લઈ ચક્યા છે. ઉત્તર પ્રદેશમાં હિંસા બાદ સ્થિતિ સામાન્ય બનાવવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે પરંતુ આંકડાઓ ખૂબ ચિંતા ઉપજાવે તેવા છે. ઉત્તર પ્રદેશની અંદર હાલમાં જ વ્યાપક હિંસા ભડકી ચૂકી હતી. મુજફ્ફરનગર જિલ્લામાંથી મોટી સંખ્યામાં લોકો હિજરત કરી ચૂક્યા છે. મુજફ્ફરનગર જિલ્લામાંથી લુની અને આસપાસના વિસ્તારોમાંથી મોટી સંખ્યામાંથી લોકો આવી ચૂક્યા છે. અહીં ૫૦૦થી વધુ પરિવારના સભ્યો આવી ચૂક્યા છે અને દરરોજ હજુ પણ પહોંચી રહ્યા છે. લુનીના નિવાસીઓ અહીં આવી પહોંચેલા શરણાર્થીઓને જરૂરી ચીજવસ્તુઓની ખરીદી કરવા અને વસ્ત્રો પણ આપી રહ્યા છે. મુજફ્ફરનગરમાંથી મૂળભૂત રીતે આ મોટી સંખ્યામાં લોકો પહોંચી રહ્યા છે.

મુજફ્ફરનગર જિલ્લામાં લાખ ગામના નિવાસીનું કહેવું છે કે મોટી સંખ્યામાં લોકો મદદ માટે આગળ આવી રહ્યા છે. અહીંના સ્થાનિક લોકો પૂરતી મદદ કરી રહ્યા છે. રોજગારીની શોધમાં પણ ઘણા લોકો પહોંચી રહ્યા છે. મોટી સંખ્યામાં લોકોને હિજરત થઈ હોવા છતાં એક પણ નેતા આ વિસ્તારમાં પહોંચી રહ્યો નથી જે ખૂબ જ ચિંતા ઉપજાવે તેવી બાબત છે. કેટલાક શરણાર્થી લોકોએ સમાજવાદી પાર્ટી સરકાર સામે જોરદાર નારાજગી વ્યક્ત કરી હતી અને કહ્યું હતું તે મત બેંક તરીકે તેમનો ઉપયોગ કરવામાં આવ્યો છે. હવે સમાજવાદી પાર્ટીના નેતાઓ હવે ધ્યાન આપી રહ્યા નથી. કુઢા ગામના એક નિવાસીએ કહ્યું છે કે સત્તાવર આંકડાની સરખામણીમાં ઉત્તર પ્રદેશમાં મોતનો આંકડો ખૂબ મોટો છે.

## ફિક્સીંગમાં શ્રીસંત, ચૌહાણ પર અંતે આજીવન પ્રતિબંધ

નવી દિલ્હી,તા. ૧૩

ભ્રષ્ટાચારી ખેલાડીઓ સામે કઠોર પગલા લઈને બીસીસીઆઈએ આજે ભારતીય ટેસ્ટ ઝડપી બોલર એસ શ્રીસંત અને સ્પિનર અંકિત ચૌહાણ પર આજે આજીવન પ્રતિબંધ મુકતા ક્રિકેટ જગતમાં સોંપો પડી ગયો હતો. આઈપીએલ સ્પોટ ફિક્સીંગમાં સંડોવણી બદલ બીસીસીઆઈએ શ્રીસંત અને ચૌહાણ પર આજીવન પ્રતિબંધ મુકવાની જાહેરાત કરી હતી. જ્યારે રાજસ્થાન રોયલ્સના પૂર્વ ખેલાડી અમિતસિંહ પર પાંચ વર્ષનો પ્રતિબંધ લાદવામાં આવ્યો છે. અન્ય ખેલાડી રાજસ્થાન રોયલ્સના ક્રિકેટર સિદ્ધાર્થ ત્રિવેદીને એક વર્ષ સુધી સસ્પેન્શન રાખવાનો નિર્ણય કરાયો છે. બીસીસીઆઈની શિસ્ત સમિતિ આજે મળી હતી જેમાં ભ્રષ્ટાચાર વિરોધી લીડર રવિ સાવાણીના અહેવાલ પર ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. રેકોર્ડ પર પૂરાવાને ધ્યાનમાં લીધા બાદ અને અંગતરીતે ખેલાડીઓની સુનાવણી કર્યા બાદ શિસ્ત સમિતિએ આ આદેશ આપ્યો હતો. અમિતસિંહ પર પાંચ વર્ષનો પ્રતિબંધ લદાયો છે જેના ભાગરૂપે તે કોઈ પણ ક્રિકેટનું પ્રતિનિધિત્વ કરી શકશે નહીં. આ ઉપરાંત બીસીસીઆઈની કોઈ પણ પ્રવૃત્તિમાં સામેલ રહેશે નહીં. બીસીસીઆઈ સાથે સંબંધિત અન્ય કોઈ સંસ્થા સાથે પણ જોડાઈ શકશે નહીં. બીસીસીઆઈના સેક્રેટરી સંજય પટેલે આજે એક નિવેદનમાં આ મુજબની વાત કરી હતી. સિદ્ધાર્થ ત્રિવેદી પર એક વર્ષનો પ્રતિબંધ મુકાયો છે. તે એક વર્ષ સુધી કોઈ પણ ક્રિકેટમાં રમી શકશે નહીં. જ્યારે અંકિત ચૌહાણ પર આજીવન પ્રતિબંધ મુકાયો છે. શ્રીસંત પણ હવે કોઈ પણ પ્રકારની પ્રવૃત્તિમાં ભાગ લઈ શકશે નહીં. યુવા સ્પિનર હરમિતસિંહેને તેની સામે મજબુત પુરાવાના અભાવમાં છોડી મુકવામાં આવ્યો છે. હરમિતસિંહ સામેનો કેસ પુરાવાના અભાવે બંધ કરાયો છે. સ્પોટ ફિક્સીંગની જાળમાં ક્રિકેટરોને ફસાવનાર અજિત ચંડિલાનો કોઈ ઉલ્લેખ કરાયો નથી.

### શબ્દ સેતુ (પાના નં. ૪ નું ચાલુ)

● **ફોરમ**

ગાંધીનગર કલ્ચરલ ફોરમનું મુખપત્ર ફોરમનો સુંદર રંગીન ગ્લેઝ પેપરમાં આકર્ષક છવાઇ સાથેનો અંક પ્રગટ થયો છે. તેમાં છેલ્લા બે માસ દરમિયાન થયેલ પ્રવૃત્તિઓ અને સભ્યશ્રીઓની સિદ્ધિઓને આલેખવા સાથે સાથે કલ્ચરલ ફોરમના સભ્યોની સપ્ટેમ્બર, ઓકટોબરમાં આવતી જન્મ તારીખો પ્રમાણે નામાવલી અને ફોન નંબરો આપવામાં આવ્યા છે. તેમજ આવનાર નવરાત્રી મહોત્સવની વિગતો અપાઇ છે.

● **રેશનલ સમાજ**

રેશનલ સમાજ ગાંધીનગરનું મુખપત્ર છેલ્લા બે વર્ષથી દર માસે નિયમિત રૂપે પ્રગટ થઇ રહ્યું છે. તેમાં પ્રમુખનો સંદેશ તેમ જ અંધશ્રધ્ધા દૂર કરવા માટેના લેખો પ્રગટ કરવામાં આવે છે.

હુમેતીસ્ટ રેશનાલીસ્ટ એસોસીએશન - ગોધરા આયોજિત માનવવાદી અભ્યાસ શિબિર તા. ૨૮-૯-૨૦૧૩થી ૨૯-૯-૨૦૧૩ સુધી યોજાનાર છે. તે માટે રેશનાલીસ્ટ સમાજનાં મંત્રી પંકજ પટેલનો સંપર્ક - ૯૪૨૭૦૧૪૨૫૨. પર કરવામાં જણાવ્યું છે.

● ગાંધીનગર સાહિત્ય સભાના સહમંત્રી અને શબ્દસેતુના સહસંપાદક મૂળજીભાઇ પરમાર 'દધિ' ચિકુનગુનિયા થતાં આરામ ફરમાવી રહ્યા છે.

### શિક્ષણના ઉદ્દેશની પરિપૂર્તિ-માતૃભાષા શિક્ષણ

(પાના નં. ૪ નું ચાલુ)

શિક્ષણની સીમા પાઠ્યપુસ્તક કે જીવનનો વ્યાપક અનુભવ?

મનુષ્યને પૂર્ણત્વનો માર્ગ ચીંધી શકે એ જ સાચું શિક્ષણ. જીવનની સમગ્રતાનાં દર્શન કરાવી શકે એ જ સાચું શિક્ષણ.

મનુષ્યને સત્યમ્ - શિવમ્ - સુન્દરમ્ નો સાક્ષાત્કાર કરાવી શકે એ જ સાચું શિક્ષણ.

સત્યમ્ - શિક્ષણનું જ્ઞાનાત્મક રૂપ<br>
શિવમ્ - શિક્ષણનું ક્રિયાત્મક રૂપ<br>
સુન્દરમ્ - શિક્ષણનું ભાવાત્મક રૂપ<br>
એમ મનુષ્યનો ત્રિપરિમાણી વિકાસ શિક્ષણ કરી શકે.<br>
એક હિન્દી કવિની સુંદર પંક્તિઓ છે -<br>
જો કુછ જ્ઞાન નિહીત અંતરમેં, શિક્ષા ઉસકા વ્યક્ત રૂપ હૈ;<br>
જો કુછ સત્યં - શિવં - સુન્દરમ્, વહ શિક્ષા કે આસપાસ હૈ.

માતૃભાષાના મજબૂત આધાર પર જ શિક્ષણની ભવ્ય - દિવ્ય ઈમારત ચણી શકાય. માતૃભાષાનું વિશુદ્ધ અને સ્વાભિમાનયુક્ત સાધન અપનાવવાથી જ ખમીરવંતા મનુષ્યોનું નિર્માણ થઈ શકશે.

શિક્ષણનો ઉદ્દેશ છે એવા મનુષ્યો નિર્માણ કરવા -<br>
જેની વૃત્તિમાં વિજય હોય,<br>
જેના હૃદયમાં ભક્તિ હોય,<br>
જેના શરીરમાં શક્તિ હોય અને<br>
જેના સ્વભાવમાં અનુસાસન હોય.

આટલી બધી સિદ્ધિઓનાં સ્વામી બનવું હોય તો એનો રાજમાર્ગ... એક માત્ર માર્ગ છે -

માતૃભાષામાં શિક્ષણ, માતૃભાષામાં શિક્ષણ અને માતૃભાષામાં શિક્ષણ!

●

માતૃભાષાની જય!<br>
ભારતમાતાની જય!<br>
જય જય ગરવી ગુર્જર ગિરા!

### આંખે દેખ્યું આંદામાન (પાના નં. ૪ નું ચાલુ)

દરિયાના ઊંડા પાણીમાં સ્કુબા ડાયવિંગ માટે ગયેલા લોકોના અનુભવો વધુ તીવ્ર ઉત્તેજનાવાળા હતા. હાં, પત્રકાર મિત્ર માર્ટીન શ્વાસ વધુ રોકી શકાય તેમ નથી તેમ લાગતાં પાછા આવેલા પણ માનસી, નિલય અને નિતીન, સારીકા, કાંતિભાઇ તો ડુબકી લગાવીને આવ્યા ત્યારે એવા ખુશ હતા કે 'માહી પડ્યા તે મહાસુખ માણે...' જેવો ભાવ તેમના ચહેરા પર જોઇ શકાતો હતો. માનસીને મેં જયારે તેના અનુભવ વિષે પુછ્યું તો તેણે કહ્યું કે તેનું શાબ્દીક વર્ણન કરવું બહું અઘરૂં છે. પણ હા, આપણે આપણા રોજીંદા વિશ્વ કરતાં કંઇક અલગ દુનિયામાં આવી ગયા હોઇએ એવું લાગતું હતું. પૂર્ણ શાંતિ અને મૌનનાં પોતાના હૃદયનાં ધબકારા અને શ્વાસના અવાજને સાંભળવાનો જે અનુભવ છે તે અવર્ણનીય છે. જાત જાતનાં રંગોની વનસ્પતિઓ અને પરવાળાની વચ્ચે તરતી ચળકતા રંગોવાળી માછલીઓ તેનો સોનેરી પીળો રંગ, ઝીબ્રા માછલી અને એલ્કટોપસ, અરે! એક રંગની માછલી પણ મને પ્રશિક્ષકે બતાવી. બહુ મજા આવી ગઇ.' આવા જ અનુભવો બીજા સહ પ્રવાસીઓનાં પણ હતા.'

નાની નાની હોડીઓમાં અમે સૌ જયારે અમારી મોટી બોટમાં પાછા ફર્યા ત્યારે પાતાળલોકનો સ્વર્ગીય અનુભવ કરીને પૂરતા ફરતાં હોય તેવા ભાવો સૌના ચહેરા પર જોઇ શકાતા હતા.

દરિયાઇ સૃષ્ટિ અને પરવાળાની સુંદરતાની સૌ ચર્ચા કરતા હતા. ત્યારે શક્તિએ તેના વિશે બીજી પણ કેટલીક જાણવા જેવી વાતો કરી. તેણે કહ્યું કે આ પરવાળા સીરેમીક્સ, ચુઇંગમ, તળીયાના આચ્છાદનો, ચર્મઉદ્યોગ, પેઇન્ટ્સ, ફોટોગ્રાફી, રબર અને પોટરી ઉદ્યોગોમાં પણ વપરાય છે ભારતીય ચિકિત્સાશાસ્ત્રમાં ટ્યુબપોરા મ્યુઝીકા નામની ઓરગન પાઇપ કોરલ દેશી દવા બનાવવામાં વપરાય છે. કેટલીક અન્ય આયુર્વેદીક દવાઓ અન્ય પરવાળામાંથી પણ બનાવવામાં આવે છે. ઐતિહાસિક દૃષ્ટિએ પણ પરવાળાનું ઘણું મહત્વ છે. પરવાળું એ પુરાણું અને જાણીતું રત્ન છે. કિંમતી પરવાળા 'કોરલમ ટૂબ્રમ'નો ઉપયોગ ઘરેણાં બનાવવામાં થાય છે. પરવાળા ઉપર નકશીકામ કરી પેન્ડલ, સાડી પીન, ટાઇપીન વગેરે બનાવવામાં આવે છે. તેણે પોતાની પાસે પરવાળામાંથી કોતરી બનાવેલી નાની ગણેશની મૂર્તિને વીંટીમાં મઢેલી હતી તે અમને બતાવી. તેણે અમને કહ્યું કે ઘણી જગ્યાએ પરવાળાને 'તરતા પથ્થર' તરીકે મુકવામાં આવે છે. તે જાણ્યા પછી દ્વારકા પાસે રાધા મંદિરમાં જોયેલ પથ્થરનું તરત સ્મરણ થઇ આવ્યું.

બોટ હવે પોર્ટ બ્લેર તરફ પાછી ફરી રહી હતી. દિવસ ઢળવા આવ્યો હતો. વાદળીયો દિવસ હોઇ અંધારૂં ઘેરાવા લાગ્યું હતું. દૂર દૂર નેલીના જહાજોની અને દીવાદાંડીના લાઇટો ઝબુળકી હતી. સૌ સાથે મળી આજે સ્કુબા ડાઇવિંગ અને ફાયબર બોટમા જોયેલ દરિયા સૃષ્ટિના અનુભવોને બીજા સાથે વહેંચવામાં મશગુલ હતા. ત્યા કિનારો આવી ગયો. જેટ્ટી પર બોટ લાંગરતા અમે સૌ ઉતર્યા અમે હોટલ તરફ પ્રણાય કર્યું. **(ક્રમશઃ)**

## સમાચાર ઝલક

- ♥ ન્યૂયોર્ક શહેરમાં 'પેન્ટહાઉસ'નામની આલીશાન હોટલ છે, જેમાં રાત્રી રોકાણનો ચાર્જ માત્ર રૂા. ૪૫,૦૦૦ હજાર ડોલર છે.
- ♥ દિપીકા પાદુકોણ નંબર વન અભિનેત્રી બનવા તરફ છે.
- ♥ ટોરેન્ટોની મહિલાએ ગર્ભવતી હોવાનો ઢોંગ કરી પેટમાં બે કીલો કોકેઇન છુપાવ્યું હતું.
- ♥ ગુજરાતમાં સર્વપ્રથમ એચ.સી.જી.ની વિશ્વની અતિ આધુનિક લેસર ટેકનોલોજી.
- ♥ ઇશરો દ્વારા મંગળ મિશનની શરૂઆત, આ સ્પેશ યાનનાં બધાં જ ટેસ્ટ સફળ રહ્યાં છે.
- ♥ એક્સપ્રેસ ટ્રેનને સાબરમતી ખાતે સ્ટોપેજ મળ્યુ.
- ♥ માહિતી સમયસર ન આપવા બદલ ઉચ્ચ શિક્ષણ કમિશ્નર કચેરીના માહિતી અધિકારીને નોટીસ.
- ♥ અંજારમાં નર્સ છેડતીથી કંટાળી જતાં આત્મહત્યાની કોશિશ, તબીબ પજવણી કરતા હતા.
- ♥ ૭૮ વર્ષીય ઓમપ્રકાશ ચૌટાલાની જામીન અરજી ફગાવતી સુપ્રિમકોર્ટ.
- ♥ રાની મુખરજી જાન્યુઆરી ૨૦૧૪માં લગ્ન કરે તેવી સંભાવના.
- ♥ ખાદી સંસ્થાઓ અસહકારનું આંદોલન કરશે.
- ♥ એશિયન બોડી બિલ્ડીંગ સ્પર્ધામાં ગુજરાત યુવકને અમિતાભ બચ્ચનના હસ્તે ગ્લોબલ ડાયવર્ડ સીટી એવોર્ડ.
- ♥ માસૂમ બાળકીઓને દેહવેપારમાં ધકેલાય છે : બાળ આરોગ્યને ફરિયાદ.
- ♥ જર્મનીમાં પુરૂષે પ્રેગનન્ટ થયા બાદ બેબીનો જન્મ આપ્યો. આધુનિક ટેકનોલોજીનો સહારો લીધો.
- ♥ ભારતમાં અબજોપતિઓની સંખ્યા વધી.
- ♥ ઝારખંડમાં ૭ મહિનામાં ૮૧૮ બળાત્કાર.
- ♥ સૌરાષ્ટ્રમાં ૧૫ દિવસમાં ૪૫૦૦ ટ્રાન્સફોર્મર બળી ગયા.
- ♥ ઋત્વિક રોશનનાં લગ્નજીવનમાં ડખો! પત્ની સુઝાન માવતરે ચાલી ગઇ.
- ♥ ટુથપેસ્ટમાં ૯ સીગારેટ જેટલું નિકોટીન.
- ♥ અમદાવાદમાં સૌથી નાની ઉંમરે ૪ વર્ષના બાળક પર બેરીયાટ્રીક સર્જરી.
- ♥ સીંગતેલના ડબ્બામાં ૯ મહિને રૂા. ૮૦૦નો કડાકો, ભાવમાં ૪૦ ટકાનું ગાબડું.
- ♥ કુંવારી દીકરીના ભરણપોષણની જવાબદારી પિતાની : કોર્ટ.
- ♥ મંદબુદ્ધિની ભાણેજ ઉપર બળાત્કાર કરનાર સગા મામાને ૧૦ વર્ષની સખ્ત કેદની સજા ફટકારાઇ.